

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વજુભાઈને વળાવ્યા, એ દિવસ હવે ભૂલી જાવ!*
*ને લીધા 'બેને' ગરબા એ દિવસ હવે ભૂલી જાવ!*
*એ દિવસ હવે ભૂલી જાવ, રૂપાલા ને કર્યા કોરાણે*
*ખખડે 'વાસણ' અનેક, એ દિવસ હવે ભૂલી જાવ!*

### હાઈકુ

*ઉતરી ગઈ !*
*રિમોટની બેટરી,*
*ધાક નબળી...*

*શાહ રવાડે,*
*જો જો થૈ ન જવાય -*
*ભાજપ મુક્ત...*

### ચિંતન

*તસ્માત્ મનઃ કારમણ્ અસ્ય જન્તોર્બન્ધસ્ય મોક્ષસ્ય ચ વા વિધાને ।*

**ઉપરોક્ત શ્લોક અસ્ટ્રાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ ચે.**

**પ્રાણીમાત્રના બંધન અને મોક્ષનું કારણ મન જ છે. મન જ બંધન ઊભું કરે છે ને મુક્તિ પણ એ જ કલ્પે છે. અહંભાવ અને મારાપણાનો ભાવ મનમાં જ ઉત્પન્ન થાય છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ પણ મનમાં જ ઊભા થાય છે. જેને કોઈ દેહભાવ નથી, અને પોતે માત્ર જ્ઞાનસ્વરુપ જ છે, એવું જાણનાર જ્ઞાની, મુક્ત છે જ. અને તેથી જ તે અગાઉ કરેલા કે ન કરેલાં કર્મોને યાદ પણ કરતો નથી. ભૂતકાળને વાગોળતો નથી. એનો અર્થ એમ નથી કે જ્ઞાની ભૂતકાળને વાગોળતો નથી. એનો અર્થ એમ નથી કે જ્ઞાની ભૂતકાળને ભૂલી ગયો છે. આપણા માથા પર ભૂતકાળનો ભાર ઘણો હોય છે. એ જેને નથી તે હળવો જ છે.**

**એ ભવિષ્ય માટે પણ કંઈ વિચારતો નથી. શુદ્ધપણે વર્તમાનમાં જ જીવે છે. કૈવલ્યં ઈવ સંપ્રાપ્તો... મહાવીર સ્વામી પણ દેહ ભાવ ભૂલીને આત્મસ્થ થયા, ત્યારે તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.**

### સુવિચાર

- રોગ, કડવાશ અને દુઃક એને બહુ વાગોળતા નહિ - **એસ. ભટ્ટાચાર્ય**
- જવાબ આપતા પહેલા એકને, નિર્ણય લેતા પહેલાં અનેકને સાંભળો - **તેલુગુ કહેવત**
- ભક્તિ માંગો પણ ભક્તિમાં કશું જ ન માંગો - **જનકલ્યાણ**
- તમારી નિરાશાનું કારણ એ જ છે કે તમે તમારા જ સુખ માટે જીવી રહ્યા છો - **જીવન પાથેય**
- જિંદગીમાં જેને ફક્ત લેતાં જ આવડે છે એના ચોપડામાં આખરે જમા બાજુ અશ્રુઓ સિવાય બીજું કંઈ જ નથી રહેતું - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- વાર્તાલાપ બંધ પડી ગયો હોય તો કશુ બોલી ને શાંતિનો ભંગ ન કરશો - **સંત રોબિન**
- આજનું ઔષધ : અજમોદ (અજમાની એક જાત) અડધી ચમચી ઉદર શૂળ, ગેસ, આફરામાં સાધારણ ગરમ પાણી સાથે લેવાથી તરત રાહત થાય છે. *(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સોસાયટીના બે પડોશી રહેતા હતા. પહેલો પાડોશી વેપારી પરિવાર હતા. બીજા પડોશી નિવૃત્ત શિક્ષક હતા. બંને ને ખૂબ પાણી આપે અને બહુ કાળજી પણ લે. નિવૃત્ત શિક્ષક ઓછું પાણી આપે અને પ્રમાણમાં કાળજી પણ ઓછીલે. વેપારીના બગીચાના છોડ લીલા અને ભરાવદાર દેખાય. નિવૃત્ત શિક્ષકના છોડ સાધારણ, ઓછા ફુલો વાળા પણ સામાન્ય દેખાય.

એક રાતે વાવાઝોડું આવતાં વેપારીના બગીચાના છોડ મૂળમાંથી ઉખડી ગયા અને નિવૃત્ત શિક્ષકના છોડ અડીખમ રહ્યા. આ જોઈને વેપારીને ખૂબ નવાઈ લાગી. એમણે પાડોશીને આમ થવાનું કારણ પૂછ્યું.

નિવૃત્ત શિક્ષકે કહ્યું, હું જોતો રહ્યો છું કે આપે આપના છોડને બધુ જ આપ્યું છે. ખૂબ કાળજી લીધી છે, પુષ્કળ પાણી પાયું છે. જેથી છોડને પોતાની મેળે કશું જ મેળવવાની જરૂર ન પડી. જયારે મેં છોડ ને થોડું પાણી આપ્યું જેથી એને જમીનમાંથી પાણી મેળવવા છોડનાં મૂળ ઊંડે સુધી જમીનમાં ગયા. આમ કરતા તે છોડ પ્રમાણમાં મજબૂત બન્યા અને વાવાઝોડાની સામે ટકી ગયા, તમારા છોડનો બધુ જ રેડીમેડ મળતું રહ્યું હોવાથી મૂળે ઊંડા ન હતા. જેથી વાવાઝોડામાં ઉખડી ગયા.' વડીલની વાત સાંભળી વેપારીએ તેમને મનોમન વંદન કર્યા.

# પ્રકૃતિ સાથે ચેડાં કરવાની સજા

તંત્રીસ્થાનેથી...

અત્યારે ભલે 'કોલ્ડ વેવ' ચાલી રહ્યું હોય પરંતુ ભવિષ્યમાં પાછો 'શિયાળે શીતળ વા વાય' વાળી કલપતરામની કવિતા કયારેક નવી પેઢીનાં બાળકોને આશ્ચર્ય ઊપજાવે તો નવાઈ નહીં. એમ પણ બને કે આપણે શિયાળો અનુભવવા જ ન મળે. ગ્લોબલ વોર્મિંગની કૂદકે ને ભૂસકે વધતી જતી વિભિષિકા આખેઆખા શિયાળાને ગળી જઈ શકે. પૃથ્વી ધગધગતો અગનગોળો બની જાય અને હિમાલયની ગ્લેશિયરો ઓગળીને નદીઓમાં વગર ચોમાસે ઘોડાપૂર સરજે, દરિયો તોફાને ચડે, એના વિશે જે પરંપરાગત માન્યતા છે. 'મહેરામણ માઝા ન મૂકે' તે પણ ખોટી ઠરે અને દરિયો એની લક્ષ્મણરેખા ઓળંગી કિનારે વસેલાં તથા વિકસેલાં મહાનગરોનો કોળિયો કરી જાય, એમ પણ બને. આવી બધી બીકાળવી આગાહીઓ અને વૈજ્ઞાનિક ચીમકીઓ છતાં કાળા માથાનો માનવી પ્રકૃતિ સાથે ચેડાં કરવાની આત્મઘાતી વૃત્તિ-પ્રવૃત્તિ છોડી શકતો નથી તે આપણે જાણીએ છીએ. કદાચ એની આવી અનધિકાર ચેષ્ટાને કારણે પ્રકૃતિ પણ નારાજ થઈને એના ઋતુચક્રની ગતિ પ્રત્યે બેદરકાર બની જતી હશે. એથી કયારેક શિયાળાની જે હાડ થીજવતી ઠંડી લાંબો વખત ચાલતી તે ગણતરીના દિવસો પૂરતી જ દેખા દે છે અને પછી છૂમંતર થઈ જાય છે તો વળી કયારે ચોમાસું ખૂબ અનિયમિત બની જાય છે. ગ્લોબલ વોર્મિંગ ક્વચિત્ જુદી રીતે પણ અભિવ્યક્ત થતું જોવા મળે છે. શિયાળો ઠંડોગાર બની જાય અને અને ઉનાળો સહરાની જેમ તપે છે. કયારેક એકાએક ધોધમાર વરસાદ તૂટી પડે છે અને પછી મહિનાઓ લગી એ હાથતાળી દઈ જાય છે. આવી વિષમ પરિસ્થિતિ પાછળ માનવીનો સ્વાર્થ જ જવાબદાર છે. એણે વૃક્ષોનું નિકંદન કાઢવામાં કસર રાખી નથી તેમ ધરતીના પેટાળને ઘમરોળીને એનાં નીર નિચોવી લીધાં છે. સિમેન્ટ કોંક્રીટનાં જંગલો સરજીને એણે પૃથ્વીની ઓઢણી જેવી હરિયાળી ચાદરના લીલેલીરા ઉડાવી મૂક્યા છે. આવા અવળીતરાં સમય જતાં એને જ ભારે પડી રહ્યાં છે. કયાંક અકાળે માવઠાં થાય છે, કરાં પડે છે તો કયાંક ઉત્તરધ્રુવની યાદ અપાવે એવી બેશુમાર ઠંડી પડે છે. ગાંધીનગરને હરિયાળા નગર તરીકે વિકસાવવાનું સપનું ધીરે ધીરે હાંસિયે ધકેલાતું જાય છે. અહીં વનવિભાગ દ્વારા ઊભા કરાયેલા કૃત્રિમ જંગલનો ક્રમશઃ રહેણાક અથવા વિકાસના ઓઠા હેઠળ સાફ કરી નાખવાની હોડ મચી છે. ગાંધીનગરનું તાપમાન અમદાવાદની લગોલગ રહેવા માંડ્યું છે. ગયા ઉનાળામાં એણે વિક્રમજનક ઉછાળો જોયો હતો અને ગુજરાતનાં સૌથી ગરમ શહેરોમાં એ અગ્રસ્થાને પહોંચી ગયું હતું. કચ્છનું નલિયા કોઈ અગણ્ય કારણસર ગુજરાતનું સૌથી ઠંડું નગર બની રહ્યું છે. અમેરિકામાં બોમ્બ વાવાઝોડાના કેરમાં સંખ્યાબંધ માણસો હોમાઈ ગયાં છે. કેટલાક વિસ્તારોમાં તો મંગળ ગ્રહ કરતાં પણ તાપમાન નીચું નોંધાવા પામ્યું છે. નેવું ટકા શહેરોમાં તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. સ્વાભાવિક છે કે આવા સમયે બરફના તોફાનમાં જીવવું મુશ્કેલ થઈ પડે. વૈજ્ઞાનિકોના મતે આવું બરફનું તોફાન પણ કુદરતની માનવીય પ્રદૂષણ વિરુદ્ધની જ પ્રતિક્રિયા છે. ગુજરાતમાં કોલ્ડ વેવ લાંબુ ચાલતું નથી, પરંતુ અમેરિકા કે યુરોપના દેશોમાં તો એ કાળો કેર વરતાવતું હોય છે. પ્રકૃતિ સામે લડી એના પર વિજય મેળવવા મથતા માનવીએ સંસ્કૃતિ વિકસાવી પરંતુ પ્રકૃતિ સાથેનું વેર સરવાળે તો એને મોંઘું જ પુરવાર થતું રહ્યું છે. નદીઓમાં ઘોડાપૂર આવે છે ત્યારે ઉપજાઉ જમીન ધોવાઈ જાય છે, ગામોનાં ગામો તણાઈ જાય છે અને પાછી એ જ નદીઓ સૂકી ભંઠ બની જાય છે ત્યારે પીવાના પાણીના પણ સાંસા પડે છે. પ્રકૃતિ સાથે સામંજસ્ય સાધી જીવવાનું નહીં શીખે તો માણસના માથે પ્રકૃતિનો કોપ ઝળૂંબતો જ રહેવાનો છે. દરમિયાન આપણે આપણા ગાંધીનગરની જ વાત કરી તો અત્યારે ગુલામી ઠંડીની મોસમ છે. વસાણાંની મોસમ છે. બાકીના વરસ માટે ઊર્જા સંચિત કરી લેવાની મોસમ છે. આ પ્રમાણસરનું કોલ્ડવેવ ઘઉં અને જીરુ જેવા પાકો માટે આશીર્વાદરુપ નીવડી શકે તેમ વધુ પડતી ઠંડી પડે તો જીરુ ચીમળાઈ જઈ ખેડૂતને એનો ખર્ચ પણ માથે પડે. શાળાઓ માટે આ પ્રવાસનની ઋતુ છે. શિયાળામાં સવારે કૂણો કૂણો તડકો ખાવાની મજા જ કંઈ ઑર હોય છે. હવે ઉત્તરાયણ નજીક આવી રહી છે. સૂર્યદેવ મકર રાશિમાં પ્રવેશ કરશે ત્યારે વલી જુદો જ માહોલ હશે. વસંતનાં વધાણમાંની પૂર્વ તૈયારી કરો. થોડા દિવસોમાં આંબા ડાળે કોકિલ પંચમસૂર રેલાવશે એ વસંત પંચમી એટલે તો ઋતુ પરિવર્તનનું પર્વ ! ઠંડી ચાલી જશે. ગરમી શરૂ થશે. પછી આપણે પંખા અને ઍરકંડિશનની હવા ખાતા થઈ જઈશું અને ટોરન્ટ કંપની આપણાં ખીસાં હળવાં કરવા લાગશે ! આ આપણી નિયતિ છે.

# પ્રજાતંત્ર જન્મથી જ શિસ્તવાદી જોઈએ



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

> **કંઈ પણ કાયદો સ્વચ્છાએ પળાય તો જ પ્રજાતંત્ર સદે**

ગાંધીએ પ્રજાતંત્રને જન્મથી જ શિસ્તવાદી હોય એવી સંકલ્પના રજુ કરી હતી. તેમના મત મુજબ જે માણસ માનવી અથવા દેવી એવા કોઈ પણ કાયદાને સ્વેચ્છાએ પાળે તો જ તેને પ્રજાતંત્ર સદે છે.

સ્વભાવે અને શિક્ષણે પ્રજાતંત્રવાદી હોવાનો દાવો કરતા ગાંધીજી કહે છે જેમને પ્રજાતંત્રની સેવાની મહત્ત્વાકાંક્ષા છે તેઓ પ્રથમ પ્રજાતંત્રની આ કસોટીમાં પાસ થવાની ખેવના ધરાવે એ ઈચ્છનીય ગણે છે. ગાંધીજીએ પ્રજાતંત્રની સેવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા રાજકીય નેતાઓ અને કાર્યકરોને એવી પણ શિખ આપી હતી કે તેમણે પોતાની વ્યક્તિગત કે પક્ષની દૃષ્ટિએ નહીં પણ સમસ્ત પ્રજાના તંત્રની દૃષ્ટિએ બધું વિચારવું જોઈએ. બધા સ્વપ્નો ઘડવા જોઈએ. ત્યારે જ સવિનયભંગનો તે અધિકારી બને છે. જો કો સ્વતંત્રતાની નિસ્બત ધરાવતા ગાંધી સમજણનો સેતુ આગળ ધપાવતા કહે છે કે કોઈ પોતાની જાતને દબાવે એમ હું નથી માગતો. પરંતુ નવરો પ્રામાણિક ભેદ સમાજને હાનિ કરે એમ પણ નથી માનતો. પણ તકસાધુપણું, પ્રવંચના અથવા તો થાગડથીગડ સમાધાની જરૂર હાનિ કરશે. તમારે જુદા પડ્યે જ છૂટકો હોય તો તમારા મતભેદ, તમારી હાડોહાડની માન્યતાઓના નિદર્શક છે, માત્ર પોતાના પક્ષની પ્રતિષ્ઠા વધારવા ખાતર યોજેલું સગવડિયા બુમરાણ નથી એ વાતની પૂરી ખાતરી અને કાળજી તમને હોવી જોઈએ.

વ્યક્તિસ્વાતંત્ર્યની મને કિંમત છે. એમ જમાવતા ગાંધી કહે છે, પણ માણસ મૂળે સામાજિક પ્રાણી છે તે ન ભૂલવું જોઈએ. સામાજિક પ્રગતિની જરૂરિયાતોને વ્યક્તિરુપે બંધબેસતા થવાનું શીખતા શીખતાં તે આજની સ્થિતિએ પહોંચ્યો છે. નિરંકુશ વ્યક્તિ સ્વાતંત્ર્ય જંગલના પશુનો જીવનનિયમ છે. આપણે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક અંકુશ વચ્ચે મધ્યમાર્ગ કાઢતાં શીખ્યા છીએ. સામાજિક અંકુશોનો આખા સમાજના કલ્યાણના હિતની દૃષ્ટિએ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરવામાં જ વ્યક્તિનો તેમ જ સમાજનો અભ્યુદય રહેલો છે.

આપણે બધા કદી એકસરખી રીતે વિચાર કરવાના નથી અને જુદી જુદી બાજુએથી સત્યના કેવળ અંશોને જોવા પામીશું તેથી આચારનો સોનેરી નિયમ એવો હોય કે આપણે પરસ્પર સહિષ્ણુ થઈએ. દરેકને માટે અંતઃકરણ એક જ વસ્તુ નથી. એટલે અંતઃકરણનો અવાજ વ્યક્તિગત આચારને માટે સારો માર્ગદર્શક હોય પણ સૌ કોઈને માથે તેવો આચાર ફરજિયાત લાદવાથી બાકી હરેકની પોતાની અંતઃકરણના અવાજને અનુસરવાની સ્વતંત્રતામાં અસહ્ય જુલમી દાખલ થયા વગર રહેતી નથી.

મતભેદ ગમે તેટલા હોય તો પણ પ્રેમભાવ ચાલુ જ રહેવો જોઈએ. જો એમ ન હોય તો મારે મારી પત્નીના પણ શત્રુ બનવું જોઈએ. આ જગતમાં મતભેદો સમૂળો ન હોય એવી બે વ્યક્તિ હું જાણતો નથી. ગીતાનો સમદૃષ્ટિનો ઉપદેશ માનતો હોઈ મેં તો મારી જિંદગીમાં એવો પ્રયત્ન કર્યો છે કે જેની સાથે મતભેદ હોય તેની સાથે તેટલો જ સ્નેહ રાખું જેટલો મારાં માતાપિતા, બંધુ, ભગિની, પત્ની સાથે રાખું.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# નૂતન વર્ષના પ્રારંભે ત્રિકમ સાહેબની સ્મૃતિ



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

દરેક પ્રજાનો એક આગવો મીઝાજ હોય છે. પોતીકી કહી શકાય તેવી મસ્તી હોય છે. બાઈબલમાં કહ્યું છે તેમ માનવી માત્ર રોટલીના ટુકડા પર જીવતો નથી. જીવન માટે અન્ન જરૂરી ગણીએ તો પણ જીવતરની સુષ્કતામાં ભીનાશ લાવે તેવી એક મસ્તી પણ હોય છે. આ મીજાજ-મસ્તીની સહજ અભિવ્યકિતમાંજ તેની ખૂબી રહેલી છે. સૌરાષ્ટ્ર –કચ્છના કોઈ ખોબા જેવડા ગામમાં ભાંગતી રાતે એકતારાના સુરે ગવાતા ભજનોની વાણી સોહામણી અને શાંતી પમાડે તેવી વાણી સાંભળવા મળે છે. કેવા મધુરા સુર-સ્વરો તથા શબ્દો આ ભજનવાણીમાં ગૂંથાયેલા છે !

વાગે ભડાકા ભારી
ભજનના વાગે ભડાકા ભારી
બાર બીજના ઘણીને સમરુ
નકળંક નેજાધારી... ભજનના....

સંતવાણી – ભજનવાણીના આ ઉપાસકોની વાણીમાં કે તેમના જીવનમાં સહેજ પણ પંડિતાઈનો ભાવ કે ભાર નથી. એ લોકો કોઈના મોહતાજ નથી. નકળંક નેજાધારી નામે કોઈ પરમ તત્વના એ તો નફીકરા ઉપાસકો છે. શ્રધ્ધા એ તેમના જીવનનું કેન્દ્રબીંદુ છે. જીવનની સહજતાજ તેમણે આ વાણીમાં ગાઈ છે. તેઓ કોઈની કંઠી કે કૃત્રિમ વાડામાં બધાયેલા નથી. માનવ સમાજ સહિત સમગ્ર પ્રકૃતિને ચાહનારા આ મહામના અને હેતાળ માનવીઓ છે. આ અલખ ધણીની ઉપાસનાની વાણીની ધારા વહેડાવનારા આપણાં સંત કવિઓના ખોળીયા કે તેમની રચનાઓના શબ્દો ભલે ભિન્ન હોય પરંતુ સંદેશ એકજ છે : " ભજન કરો અને ભોજન કરાવો" કબીરવાણીના સારરૂપ એવા આ તત્વને આ ઉપાસકોએ પચાવી જાણ્યું છે. કબીર સાહેબ કહે છે.

કબીર કહે કમાલ કું
દો બાતા સીખ લે;
કર સાહેબ કી બંદગી,
ભૂખે કું અન્ન દે.

ઈસુના નવા વર્ષના ચોઘડીયા વાગી રહેલા છે. ૨૦૧૮ના વર્ષનો હમણાંજ પ્રારંભ થયો છે કે, થવામાં છે. કાળના આ અનિવાર્ય રીતે આવતા મુકામે દુનિયાનું ચિત્ર કેટલીક બાબતો અંગે આપણાંમાંથી ઘણાને ચિંતા કરાવે તેવુંછે. પ્રગતિ કે ભૌતિક સુવિધાઓની ઝાકળમાળ વચ્ચે પણ જાગૃત નાગરિકના મનમાં આ વાત આવે છે અને ખૂંચે છે માનવી-માનવી વચ્ચેના સ્નેહની સુષ્કતા તેમજ સંઘર્ષ તરફની દિશા જે નજર સામે દેખાય છે તે અકળાવે તેવી છે. ઉત્તર કોરીયાના શાસકનો પ્રશ્ન હોય કે જેરૂસલેમ અંગેના યુ.એસ.એ.ના બહુ ચર્ચિત નિર્ણયની બાબત હોય તેમાં જે ભાવિ સંઘર્ષના એંધાણ જણાય છે તે વિશ્વના નાગરિકોની ચિંતાનો વિષય છે. પ્રગતિની દેખીતી ઝાકઝમાળ વચ્ચે પણ થોડા લોકોના હાથોમાં થયેલું સત્તા –સંપત્તિનું કેન્દ્રીકરણ એ પણ વિશ્વના ભવિષ્ય સામે બીહામણા સ્વરૂપે ઉભુ થયેલું છે. ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગે તે પહેલા આપણે નહિ જાગીએ તો એ આપણી સામુહિક નિષ્ફળતા ગણાશે. સંઘર્ષ અને માનવીય સબંધોના આવા અટપટા માહોલમાં ત્રિકમ સાહેબની માનવમાત્રના કલ્યાણ માટેની ચિરકાળ શાંતિ આપનારી વાણી તરફ નજર જાય છે. ત્રિકમ સાહેબની પાવક વાતોમાં એક અનોખી સુગંધનુ દર્શનથાય છે. આ સુગંધ વણસતા પર્યાવરણમાં પણ આશા તથા ઉમ્મીદની નૂતન દિશાનું દર્શન કરાવે છે. મધ્યકાળમાં પ્રગટેલી અને ઝળહળા થયેલી ત્રિકમ સાહેબની વાણી સદાકાળ માણવી ગમે તેવી અર્થપૂર્ણ તેમજ દિશાદર્શક છે. આ વાણીના પાણીની એક વિશેષ તાકાત છે.

ત્રિકમ સાહેબ સદેહે આપણી વચ્ચે ઈ.સ.૧૮૦૨ અથવા ૧૮૦૧ સુધી હતા તે સદભાગ્યની વાત છે. રવિ-ભાણ સંપ્રદાયના આ સંતકવિએ સંત સાહિત્યની અનેક પ્રાણવાન રચનાઓનું સર્જન કરેલું છે. કચ્છના છેવાડાના વિસ્તાર વાગડમાં જન્મ ધારણ કરનારા આપણાં સૌના ગૌરવ સમાન આ મર્મી સાધક તેમની વાણીની સાધનાથી વિશાળ તથા વિસ્તૃત ખ્યાતિને હકકથી વરેલા છે. વાગડ વિતારના ચિત્રોડ ગામે તેમણે ગાદીની સ્થાપના કરી હોવાનું નોંધાયું છે. 'વાડીના સાધુ' અને પરંપરાના ઉપાકસ કહેવાતા આ સંત સર્જકે આપણી ભાષાને રળિયાત કરી છે. ત્રિકમ સાહેબની વાણીમાં કબીર સાહેબનો વ્યાપક પ્રભાવ વરતાય છે તેવું ડાૅ. નિરંજન રાજયગુરુનું અવલોકન યથાર્થ છે. ત્રિકમ સાહેબની આ વાણી આજે વિશેષ પ્રસ્તુત અને પ્રાસંગિક છે. તેનું મહત્વનું કારણ એ જણાય છે કે, ડાૅ. પલાણ સાહેબ કહે છે તેમ ત્રિકમ સાહેબ સમન્વયનું સંતાન છે. આ મહા સાધકનું જીવન એ કદાચ સમન્વયની તેજોમય યાત્રા સમાન છે. જીવનમાં, કવનમાં કે વાણી-વર્તનમાં સમન્વયના પાઠ ત્રિકમ સાહેબે પઢાવ્યા છે. આથીજ આ કપરા કાળમાં ત્રિકમ સાહેબની વાણી તરફ નજર ફરી ફરીને નજર ઠરે છે. રવિ-ભાણ સંપ્રદાયના આપણે સૌ રુણી છીએ. આ ઉજળી પરંપરાએજ આપણને ત્રિકમ સાહેબ જેવા મોંઘેરા રત્નોની લહાણ કરી છે. ત્રિકમ સાહેબ ગુરુ ખીમ સાહેબના પ્રતાપી શિષ્ય હતા. ત્રિકમ સાહેબની કેટલીક રચનાઓમાં કચ્છી બોલીના શબ્દોનું સુંદર વણાટ ગુજરાતી ભાષામાં થયેલું છે. ત્રિકમ સાહેબ જેવા સંતો બાહ્ય આચાર વિચારની પળોજણમાં પડતા નથી. તેઓતો મનના મેલનો નાશ કરવા માટે પ્રભાવી શંખનાદ કરી આપણી ચેતનાને સંકોરે છે.

કપડા બી ધોયા સંતો
અંચલા બી ધોયા
જબ લગ મનવો ન ધોયો મોરેલાલ
લાલ મેરે દિલમેં સંતો
લાગી વેરાગી રામા
જોયું મેં તો જાગી.

જાગી ગયેલા આ સંતોની વાણી પાસે બેસીને આપણે પણ જાગવાની અને સાચી દિશામાં ડગ માંડવાની જરૂર છે. સંતોની વાણીમાં ભજનભાવનો અનોખો મહીમા છે. ભજનમાં 'ભીના' રહીને ભવપાર ઉતરવાની ત્રિકમ સાહેબની વાત સાંભળવા તેમજ સમજવા યોગ્ય છે.

મન તું સમજી લે
તારો સગો નથી સંસાર
ભજનમાં ભીના ભીના રહેજો
ઉતરશો ભવપાર

સાંપ્રત કાળની તેમજ સમગ્ર વિશ્વને અનેક મુઝવતી તેમજ ગુંગળાવતી સમસ્યાઓનો ધીમો છતાં સચોટ તથા કાયમી ઉકેલ આપણી વિચાર પધ્ધતિ તથા જીવનપધ્ધતિના બદલામાં છે. ત્રિકમ સાહેબ જેવા સંતોની વાણી આ સાચી દિશાના બદલાવની પ્રક્રિયાને બળ આપી શકે તેવા સત્વ વાળી છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે અસ્મિતા કાર્યક્રમ



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાત યુનિ.ના સૅનેટ હોલ ખાતે, ગુજરાત લીટરેચર ફૅસ્ટિવલ તા. ૩-૧-૨૦૧૮ થી ૭-૧-૨૦૧૮ દરમિયાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપદે અને શ્રીમતી અમૃતા ફડનવીસના મુખ્ય મહેમાનપદે યોજાઈ રહ્યો છે, જેમાં ૬-૧-૧૮ના રોજ : હઠીસિંહ એમ્ફી થિયેટરમાં ખાતે (૧) ૧૧ થી ૧૨ દરમિયાન - મહાભારતથી મેનેજમેન્ટ, આઈએએસ સ્ટાઈલ અધિકારીઓ ભાગ્યેશ જહા, વસંત ગઢવી અને પી.કે. લહેરી વચ્ચે વાર્તાલાપ યોજાશે. (૨) ૧૨ થી ૧૨.૩૦ દરમિયાન 'યોર્સ ટ્રૂલી' નવોદિત લેખિકા શૈવ પંડ્યા લિખિત પ્રથમ નવલકથા વિશે વાતચીત. (૩) ૧ થી ૨ દરમિયાન 'દરિયા કિનારે મળેલી બોટલમાંથી નીકળેલી વાર્તા' વિશે વર્ષા અડાલજા, ડૉ. દિનકર ટંડેલ અને હસમુખ અબોટી દ્વારા વકતવ્ય. (૪) ૩.૧૫ થી ૪.૩૦ દરમિયાન 'એક્સપ્રેશનમાં અડચણ ? નો લિપસ્ટિક અંડર' - રિલેશનશિપ્સ કે પછી કાયાના વર્ણનમાં નવા ગુજરાતી લેખકોને શું નડે છે? બાબતે - કાલજ મહેતા, ધૈવત ત્રિવેદી તથા ઉર્વિશ કોઠારીનું વકતવ્ય.

બિયોન્ડ ધ ગેલેરી ખાતે (૧) ૧૧.૧૫ થી ૧૨.૧૫. અશ્વિની ભટ્ટનું સ્ટોરી ટેલિંગ તથા સાર્થક પ્રકાશન દ્વારા પુનઃ પ્રકાશન પામી રહેલી અશ્વિની ભટ્ટની નવલકથાઓનું વિમોચન ઉર્વિશ કોઠારી સાથે.

(૨) ૧૨.૧૫ થી ૧.૩૦ દરમિયાન શબ્દ વગરની વાર્તા વિશે આદિશક્તિના થિયેટર ડિરેકટર વિનયકુમાર અને મલ્લિકા સારાભાઈ વચ્ચે ભાષા વિના વાર્તા કઈ રીતે કહી શકાય તેની ચર્ચા.

(૩) ૧.૩૦ થી ૨.૩૦ : ચળવળનું સાહિત્ય - મોનજી રૂદર વિષે વાત કરશે કાજલ ઓઝા વૈદ્ય.

(૪) ૨.૩૦ થી ૩.૩૦ દરમિયાન : 'આ રીતે પણ કહેવાય વાર્તા' વિશે અંકુશ જૈન અને દીપક ચૂડાસમા સાથે રમેશ તન્નાનો સંવાદ.

(૫) ૩.૩૦ થી ૪.૪૫ : 'કવિતાની કથા' - નિયમિત ઓઝા અને અન્યો સાથે વાતચીત.

સેનેટ હોલ, ગુજરાત યુનિ. ખાતે.

(૧) ૫ થી ૬.૧૫ : 'વાર્તા કહેવાની કળા' પર કાજલ ઓઝા વૈદ્ય વાત કરશે.

(૨) ૬.૧૫ થી ૭.૩૦ : 'વાર્તાનો જય જયકાર' વિશે વાર્તાકાર જય વસાવડા કરશે. અનોખી અદામાં વાર્તાના વાતો.

તા. ૭-૧-૨૦૧૮ : હઠીસિંહ એમ્ફી થિયેટર ખાતે

(૧) ૧૧ થી ૧૧.૩૦ : પન્ના ત્રિવેદીના પુસ્તક 'ચાંદ કે પાર' નું વિમોચન.

(૨) ૧૨.૩૦ થી ૧.૩૦ : : વાર્તાથી ક્રાંતિ - એક કૃતિ કઈ રીતે પરિવર્તન લાવી શકે ? વિષયે રામ મોરી, અંકિત દેસાઈ, કૃષ્ણકાંત ઉનડકટ અને ડૉ. શરદ ઠાકરનું વકતવ્ય.

(૩) ૧.૩૦ થી ૨.૩૦ : 'ભાષાનું ભવિષ્ય અને ભવિષ્યની ભાષા' વિશે ડૉ. અવધેશ કુમાર સિંઘ, ડૉ. અરવિંદ ભંડારી અને પ્રો. કે. એચ. મહેતાનું વકતવ્ય.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુકત્ ઉપક્રમે, ભારતીય વિદ્યાભવન, કલ્ચરલ અકાદમી દ્વારા આયોજિત ગુજરાતી વિરલ વ્યક્તિત્વ કનૈયાલાલ મુનશીના બહુઆયામી વ્યક્તિત્વને આવરી લેતી વકતવ્ય માળા 'અસ્મિતા' કાર્યક્રમ. તા. ૬-૧-૨૦૧૮ ને શનિવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે, પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજાશે જેમાં વકતાઓ (૧) ડૉ.કેશુભાઈ દેસાઈ - જાણીતા સાહિત્યકાર અને (૨) કલ્પેશ પટેલ - જાણીતા નવલકથાકાર વકતવ્ય આપશે અને ભવન્સ કલ્ચરલ અકાદમીના નિયામક જીગર રાણા શ્રેણી સંકલન કરશે.

ધ્રુવ શાસ્ત્રી નિર્મિત ડોક્યુમેન્ટરી ફિલ્મ 'અસ્મિતાનો આરાધક' નું નિરુપણ કરવામાં આવશે.

ગાંધીનગર સાહિત્ય સભા અને પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ યજમાન સંસ્થાઓ રહેશે.

● બાલ સાહિત્ય અકાદમીનું અઢારમું અધિવેશન તા. ૭.૧.૧૮ રવિવારના રોજ, સવારના ૧૦.૦૦થી અહિંસા શોધ સંસ્થાન ગૂજરાત, વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે મળશે. જેમાં પ્રથમ બેઠકનું સંચાલન યશવંત મહેતા કરશે. આ અધિવેશનનું અધ્યક્ષ સ્થાને, ભરૂચના આદર્શ શિક્ષણ સંકુલના અમિટીના વડા સંચાલક રણછોડભાઈ શાહ દીપાવશે. આ અધિવેશન (૧) યોસેફ મૅકવાન તથા (૨) બંસીધર શુક્લને તેઓના બાળસાહિત્યના લેખનમાં અને એના પ્રોત્સાહનમાં મહત્ત્વનો ફાળો અને વિશેષ પ્રદાન બદલ સન્મનાવામાં આવશે.

યોસૅફ મેકવાનનો પરિચય કાલિન્દી પરીખ આપશે. ત્યારે યોસેફ મેકવાનને ચંદ્રક પ્રદાન કરાશે. યોસેફ મેકવાનના પ્રતિભાવવાદ, બંસીધર શુક્લનો પરિચય યશવંત મહેતા આપશે અને ત્યારબાદ બંસીધર શુક્લનો ચંદ્રક એનાયત કરવામાં આવશે. બંસીધર શુક્લના પ્રતિભાવ બાદ, અધ્યક્ષીય પ્રવચન રણછોડભાઈ શાહ આપશે.

ત્યારબાદ દ્વિતીય બેઠકના નટવર પટેલના સંચાલનમાં બાળવાર્તાઓની રજૂઆત થશે અને આ વાર્તાઓ વિશે ડૉ. શ્રદ્ધાબેન ત્રિવેદી વકતવ્ય આપશે. અધ્યક્ષના સમાપન - સંબોધન બાદ આભારદર્શન ડૉ. કિશોર પંડ્યા કરશે.

● 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગર અને ઈમેજ પબ્લિકેશન, મુંબઈના સંયુકત્ ઉપક્રમે : સાહિત્ય - રસપાનનો 'ત્રિવેણી સંગમ' ઉત્સવ, તા. ૮-૧-૧૮ને સોમવારના રોજ સવારના ૯.૧૫ કલાકે, ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે ઉજવાશે જેમાં (૧) પુસ્તક - વિમોચન 'મારું શહેર' વિવિધ વ્યક્તિઓ દ્વારા દેશ-પરેશના ૪૫ નગરોની તાસીર અને તસવીરને આવરતો સંચય) (૨) પ્રસિદ્ધ હાસ્ય લેખક રતીલાલ બોરીસાગર ઉપર્યુક્ત પુસ્તક સંદર્ભે ઉદ્‌બોધન કરશે (૩) ખ્યાતનામ ગઝલકાર જનાબ ખલીલ ધનતેજવી દ્વારા કાવ્ય પઠન કરવામાં આવશે. ત્યારબાદ (૪) સંજય ગોરડિયા પ્રોડકશન દ્વારા નિર્માણ અને વિપુલ મહેતા દિગ્દર્શિત તથા જેમાં મીનલ પટેલ, ઉત્કર્ષ મઝુમદાર, ચિરાગ વોરા, નમ્રતા પાઠક, મેઘના સોલંકી, પરેશ ભટ્ટ અને ખંજન થુંબર અભિનયનાં ઓજસ પાથર્યા છે, તે વિવિધ શહેરોની રસપ્રદ વાતોને વણી લેતી નાટ્યાત્મક પ્રસ્તુતિ થશે.